
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## કાર્યકર્તા આવી ગયા છે કયા પક્ષના છે તે પછી નક્કી થશે




સુરત મહાનગર પાલિકાની ચૂંટણીના પડઘમ શરુ થઇ ગયા છે ત્યારે એક બિલબોર્ડ પર આવીને કાર્યકર્તા હોય તે રીતે વાનરો ગોઠવાઇ ગયા હતાં. જો કે તેઓ કયા પક્ષના છે તે તો અહીં પક્ષનું બેનર લાગશે ત્યારે જ ખબર પડશે. કદાચ એવું પણ બને કે આ ફોટો કેપ્સન જોયા પછી અહીં એક પણ પક્ષનું બેનર નહીં લાગે. (તસવીર : સતીષ જાદવ)

# ડાંગ-વાંસદાનાં જંગલોમાં દેખાયું દુર્લભ પક્ષી 'મલાબાર ટ્રોગોન'

**ગુજરાતીમાં** 'સુહાગણ' તરીકે ઓળખાતું આ પક્ષી જંગલની ઈકો સિસ્ટમ માટે મહત્ત્વનું


(તસવીર : ગીરીશ ભોયે)

સાપુતારાઃ તાજેતરમાં વાંસદા અને ડાંગના જંગલોમાં અત્યંત સુંદર અને દુર્લભ પક્ષી 'મલાબાર ટ્રોગોન' (Malabar Trogon) જોવા મળતા પક્ષીપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતીમાં 'સુહાગણ' તરીકે ઓળખાતું આ પક્ષી તેના મનમોહક રંગો અને શાંત સ્વભાવ માટે જાણીતું છે. મુખ્યત્વે પશ્ચિમ ઘાટના ભેજવાળા વિસ્તારોમાં વસવાટ કરતું આ પક્ષી ગુજરાતમાં ખૂબ જ ઓછી સંખ્યામાં જોવા મળે છે, પરંતુ ડાંગ જિલ્લો, પૂર્ણા વન્યજીવ અભયારણ્ય અને વાંસદા નેશનલ પાર્ક જેવા વિસ્તારોમાં તેની હાજરી નોંધાતી રહે છે. લાંબી પૂંછડી ધરાવતું આ પક્ષી મોટે ભાગે એકલવાયું અથવા જોડીમાં રહેવાનું પસંદ કરે છે. પર્યાવરણ પ્રેમી અમિતભાઈ રાણાએ

...અનુસંધાન પાના 5 પર

# વલસાડમાં કડાકાભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો

**કેરી** સહિતના પાકને નુકસાનની શક્યતા, ખેડૂતોમાં ચિંતા



વલસાડઃ રાજ્યના હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે વહેલી સવારે વલસાડ જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો ગાઢ વાદળો અને પવન સાથે વલસાડ પંથકમાં જોરદાર વરસાદી ઝાપટું પડતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ છે. જોકે, આ કમોસમી વરસાદને કારણે જગતનો તાત ચિંતામાં મુકાયો છે. વહેલી સવારથી જ વલસાડના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાની એન્ટ્રી જોવા મળી હતી. મુખ્યત્વે અતુલ, પારનેરા, બિનવાડા, ચણવઈ, ચિચવાડા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. વલસાડ જિલ્લો તેની 'હાફુસ' કેરી માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. કેટલાક સ્થળોએ આંબા પર મોર (ફૂલ) અને કેરીઓ બેસી રહી છે, ત્યારે જ અચાનક પડેલા આ વરસાદને કારણે ખેડૂતોમાં ભારે ફાળ પડી છે. રોગચાળાની ભીતિ વરસાદી પાણીને કારણે કેરીના મોર ખરી પડવાની અને તેમાં જીવાત પડવાની શક્યતા વધી ગઈ છે. જો વરસાદ ચાલુ રહેશે તો કેરીના ઉત્પાદનમાં મોટો ઘટાડો આવી શકે છે. જે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખશે.

સવારે જે રીતે વરસાદ તૂટી પડ્યો તેનાથી તૈયાર પાકને નુકસાન થવાની પૂરેપૂરી ભીતિ છે. હવે દવાના છંટકાવનો ખર્ચ પણ વધશે. એકતરફ ખેડૂતો માટે આ વરસાદ આફત સમાન છે, તો બીજી તરફ વલસાડવાસીઓને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે. વરસાદને પગલે સમગ્ર પંથકમાં તાપમાનનો પારો ગગડ્યો છે અને વાતાવરણ આહલાદક બન્યું છે.

### ભરઉનાળે ખેરગામ પંથકમાં માવઠું



ખેરગામઃ નવસારી જિલ્લાના વાતાવરણમાં બુધવારે વહેલી સવારથી જ અચાનક પલટો જોવા મળ્યો હતો. ખેરગામ તાલુકાના અનેક વિસ્તારોમાં સવારે 6 વાગ્યે ભારે પવન સાથે માવઠું પડતા જનજીવન પ્રભાવિત થયું હતું. સાથે ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સવારના સુમારે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને ત્યારબાદ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં શરૂ થયા હતા. માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા લોકોમાં આશ્ચર્ય જોવા મળ્યું હતું. આ કમોસમી વરસાદને કારણે ખાસ કરીને બાગાયતી પાકોને મોટું નુકસાન થવાની સંભાવના છે. હાલમાં આંબા પર કેરીનો પાક તૈયાર થઈ રહ્યો છે, ત્યારે વરસાદ અને પવનને કારણે ફળ બગડવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત શાકભાજીના પાકોને પણ આ માવઠાની માઠી અસર પહોંચી શકે છે. કમોસમી વરસાદને કારણે વહેલી સવારે ઘાસચારો પલળતો બચાવવા માટે પશુપાલકોમાં દોડધામ મચી ગઈ હતી. તંત્ર દ્વારા પણ નુકસાનીનું આંકલન કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. વહેલી સવારના આ માવઠાએ જગતના તાતને ફરી એકવાર કુદરત સામે લાચાર બનાવી દીધો છે.

# અંકલેશ્વરમાં ચાર પગવાળી 'સ્પેશિયલ' મરઘી વાયરલ


(તસવીર : પ્રવીણ તૈરૈયા)

**ચિકન** શોપમાં આવેલી અનોખી મરઘીની વાત વાયુવેગે ફેલાતાં રહીશો ઊમટી પડ્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના મુલ્લાવાડ વિસ્તારમાં આવેલા એક ચિકન શોપમાં ચાર પગ ધરાવતી મરઘી જોવા મળતાં સ્થાનિકોમાં ભારે કુતૂહલ સર્જાયું છે. સામાન્ય રીતે મરઘીને બે પગ હોય છે, પરંતુ ચાર પગવાળી મરઘી જોવા મળતાં લોકો આશ્ચર્યચકિત બની ગયા હતા.

મુલ્લાવાડ વિસ્તારમાં છેલ્લા આશરે ૫૦ વર્ષથી ચિકન શોપ ચલાવતા ચાંદભાઈ કુરેશીએ વેચાણ માટે મરઘીઓ મંગાવી હતી. આ મરઘીઓની તપાસ દરમિયાન એક મરઘીને ચાર પગ હોવાનું ધ્યાનમાં આવતાં તેઓ અચંબામાં પડી ગયા

...અનુસંધાન પાના 5 પર

# ખંભાતના વ્હોરા પરિવારને પલસાણા નજીક અકસ્માત નડતાં ચારનાં મોત

**ફર્સ્ટ** લેન પર પાર્કિંગ લાઈટ કે સિગ્નલ વગર ઊભેલા ટેમ્પો પાછળ ઇકો કાર ઘૂસી ગઈ

**મુંબઈથી** સારવાર કરાવી પરત ફરતી વેળા પરિવારને અકસ્માત નડ્યો


(તસવીર : ઈલ્યાસ શેખ)

પલસાણાઃ પલસાણા તાલુકામાંથી પસાર થતા મુંબઈ-અમદાવાદ ભારતમાલા પ્રોજેક્ટ એક્સપ્રેસ વે પર મંગળવારની મધ્ય રાત્રિએ દસ્તાન ગામની સીમમાં ઊભેલા એક આઈશર ટેમ્પોની પાછળ ઈકો કાર ધડાકાભેર અથડાઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ખંભાતના એક જ પરિવારના ચાર સભ્યનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે વ્હોરા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર આણંદ જિલ્લાના ખંભાત ખાતે કાદરપુર મહોલ્લામાં એમ.પી.હાઈસ્કૂલ પાસે રહેતો એડનવાળા પરિવાર મુંબઈથી પરત ફરી રહ્યો હતો. પરિવારના સભ્યો મુનિરાબેનની સારવાર અર્થે ઈકો કાર નં.(GJ 23 BL 0679) લઈને મુંબઈ ગયા હતા. સારવાર કરાવીને રાત્રિના સમયે તેઓ એક્સપ્રેસ વે પરથી ખંભાત પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રે આશરે 12:30 કલાકે કાળે તેમને આંતર્યા હતા.

અકસ્માતની વિગત એવી છે કે, પલસાણાના દસ્તાન ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ વેની લેન નંબર-1 પર એક આઈશર ટેમ્પો

...અનુસંધાન પાના 5 પર



# 30 કિમીની ઝડપે પવન ફુંકાતાં કેરીઓ પડી ગઈ

**તાપથી** બચવા ટ્રાફિક સિગ્નલ પર લગાડેલી ગ્રીન નેટ પણ ફાટી ગઈ



સુરતઃ સુરત શહેરમાં બુધવારે હવામાનમાં નોંધપાત્ર બદલાવ જોવા મળ્યો હતો. એક તરફ પવનની તેજ ગતિએ લોકોને ગરમીમાંથી થોડી રાહત આપી, તો બીજી તરફ ધૂળ અને તેજ પવનને કારણે શહેરવાસીઓ, ખાસ કરીને વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી સર્જાઈ હતી.

બુધવારે બપોરના સમયે સુરત એરપોર્ટ વિસ્તારમાં પવનની ગતિ આશરે 50 કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. ત્યારબાદ બપોર પછી શહેરના મોટા ભાગના વિસ્તારોમાં સરેરાશ 30 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. તેજ પવન સાથે શહેરમાં અનેક સ્થળોએ ધૂળની ડમરીઓ ઊડી હતી, જેના કારણે રસ્તા પર દૃશ્યતા ઘટી ગઈ હતી. ખાસ કરીને બાઇક ચાલકો અને પગપાળા ચાલતા લોકોને આંખ અને શ્વાસ સંબંધિત તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આજે વરસાદની આગાહી કરવામાં આવી હતી, પરંતુ દિવસભર માત્ર વાદળછાયું વાતાવરણ જ

...અનુસંધાન પાના 5 પર

# સ્મીમેરમાં સિક્યોરિટી ગાર્ડને મર્સિડીઝ નીચે કચડવાનો પ્રયાસ

**વિદ્યાર્થીને** મળવા આવેલા વાલીએ પાર્કિંગ બાબતે ઝઘડો કર્યો

**મર્સિડિઝ** ચાલકને પકડવા હોસ્પિટલનો મુખ્ય દરવાજો બંધ કરવો પડ્યો



સુરતઃ સુરત મહાનગર પાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ કેમ્પસમાં બુધવારે સવારે પાર્કિંગના વિવાદને લઈને ભારે ધમાચકડી મચી હતી. મેડિકલ કોલેજના એક વિદ્યાર્થીના પિતાએ સિક્યુરિટી ગાર્ડ સાથે ઝઘડો કર્યા બાદ કાર પૂરઝડપે હંકારીને ગાર્ડને કચડવાનો પ્રયાસ કર્યો હતો. માર્શલોની ત્વરિત કાર્યવાહીથી યુવકને પકડી પાડવામાં આવ્યો હતો અને ડીન પાસે લઈ જવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, બુધવારે સવારે એક વ્યક્તિ પોતાની મર્સિડીઝ કાર ડી-બ્લોક પાસે અયોગ્ય રીતે પાર્ક કરીને ચાલ્યા ગયા હતા. તેમણે સિક્યુરિટી ગાર્ડને કહ્યું હતું કે, તેઓ થોડીવારમાં પરત આવી જશે. જોકે, ઘણો સમય વીતી જવા છતાં તેઓ પરત આવ્યા ત્યારે સિક્યુરિટી ગાર્ડે તેમને કાર પાર્કિંગ વિસ્તારમાં ખસેડવા જણાવ્યું હતું. આ વાતને લઈને કાર ચાલક અને સિક્યુરિટી ગાર્ડ તેમજ માર્શલ વચ્ચે ગરમાગરમ દલીલ થઈ હતી. સિક્યુરિટી ગાર્ડે કાર ચાલકને 'સાહેબ આવે'ત્યાં સુધી રોકાવા જણાવ્યું હતું. પરંતુ કાર ચાલકે આ વાતને અવગણીકાર લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સિક્યુરિટી ગાર્ડે તેમને રોકવાનો પ્રયાસ કરતાં કાર ચાલકે બેફામ બનીને કાર પુરઝડપે હંકારી અને હાજર સિક્યુરિટી ગાર્ડને કચડવાની કોશિશ કરી હતી.આ ઘટના બાદ સિક્યુરિટી સ્ટાફે દોડીને કારને પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાર ન રોકાતાં માર્શલોએ ત્વરિત પગલાં

...અનુસંધાન પાના 5 પર

# દુષ્કર્મ નારાયણ સાઈના આખરે છૂટાછેડા થઈ ગયા


**2008માં** પરણેલા નારાયણ સાંઇની પત્નીએ છૂટાછેડા માટે અરજી કરી હતી

**પત્નીએ** પતિ પર ત્યાગનો આરોપ લગાવ્યો



સુરતઃ દુષ્કર્મના કેસમાં સુરત જેલમાં સજા ભોગવતા નારાયણ સાંઈ અને તેમની પત્ની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વૈવાહિક વિવાદમાં છૂટાછેડાને મધ્યપ્રદેશ ઈન્દોરમાં ફેમિલી કોર્ટે મંજૂરી આપી હતી. નારાયણ સાંઈ ને ૨૪મી માર્ચે ઈન્દોરની ફેમિલી કોર્ટમાં હાજર કરવા સુરતની જેલમાંથી લઈ જવાયાં હતા. નારાયણ સાંઈના લગ્ન 2008માં થયા હતા, પરંતુ 2013થી બંને અલગ રહી રહ્યા છે. પત્નીએ પતિ પર ત્યાગનો આરોપ લગાવ્યો અને કહ્યું કે લાંબા સમયથી તેમના વચ્ચે વૈવાહિક સંબંધો નથી. અરજીમાં નારાયણ સાંઈ પર અન્ય મહિલાઓ સાથે સંબંધ હોવાના આરોપો લગાવવામાં આવ્યા હતા. સાથે જ સુરતની કોર્ટમાં દુષ્કર્મ કેસમાં સંભળાવવામાં આવેલી સજાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નારાયણ સાંઈને સુરતની બે બહેનો સાથે રેપના કેસમાં આજીવન કેદની સજા થઈ હતી. વર્ષ 2013માં સુરતની બે બહેનોએ કેસ દાખલ કરાવ્યો હતો. નાની બહેને નારાયણ સાંઈ વિરુદ્ધ યૌન શોષણનો મામલો દાખલ કરાવ્યો હતો, જ્યારે મોટી બહેને તેના પિતા આસારામ વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

# અમરેલીમાં એક પછી 8 વખત ધરા ધ્રૂજી



**સવારે** 4:15થી 8:57 વાગ્યા સુધી આવેલા આંચકાની તીવ્રતા ઓછી હોવાથી મોટા ભાગના અનુભવાયા નથી

સુરત : અમરેલી જિલ્લાના ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મીતીયાળા પંથકમાં છેલ્લા કેટલાક કલાકોથી સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. રાત્રિથી લઈને સવારના 9 વાગ્યા સુધીમાં કુલ 8 આંચકા નોંધાતા સ્થાનિક રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી અંદાજે 43 કિલોમીટર દૂર નોંધાયું છે. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગે પણ આ અંગે સત્તાવાર પુષ્ટિ આપી છે. હાલ સુધી કોઈ જાનહાનિ કે મોટું નુકસાન નોંધાયું નથી, છતાં સતત આંચકાઓને કારણે લોકોમાં ચિંતા અને ભયનો માહોલ છે. સ્થાનિક પ્રશાસન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

આ વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે આંચકાની તિવ્રતા ખૂબ જ ઓછી હોવાથી મોટેભાગના અનુભવાતા નથી.

અમરેલી જિલ્લામાં 10 દિવસ પહેલા પણ ભૂકંપનો આંચકો અનુભવાયો છે. બપોરે 4:10 વાગ્યે 3.1 મેગ્નિટ્યુડની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપ મુખ્યત્વે ખાંભા ગીર વિસ્તારના નાના વિસાવદર, નાની ધારી, ઈંગોરાળા અને અનિડા સહિતના ગામોમાં અનુભવાયો હતો. તેવી જ રીતે અહીં 22 દિવસ પહેલા પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. તે સમયે ખાંભા ગીર પંથકમાં 2.0ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સદનસીબે, આ આંચકો હળવો હોવાથી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના કોઈ સમાચાર ન હતા.

### આ ગામની ધરા ધ્રૂજી

| | |
|---|---|
| મીતીયાળા | નાનુંડી |
| સાકરપરા | ખાંભા |
| ભાડ | ઘજડી |
| વાંકિયા | ઈંગોરાળા |

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

વ્હાલા મમ્મીને દ્વિતીય પુણ્યતિથીએ સ્મરણાંજલી



જીવનચક્ર એટલું ઝડપી છે કે અમને શાંતિથી અનુભૂતિ પણ નથી કરવા દેતું કે અમારું સૌથી વહાલું સ્વજન અમારી વચ્ચે નથી.
અજંલી અર્પણ કરીએ તો આંસુ સારે છે,
તસ્વીર તમારી જોતા હૈયુ રડે છે.
મમ્મી તમે હંમેશા અમારી સાથે જ છો.
લિ.
આનંદ (પ્રશાંત), તુષાર (મંગલ)
ગણપતભાઈ નાનુભાઈ વાંઝવાલા (પતિ)
કિશોરભાઈ રતિલાલ રાણા (ભાઈ)
તથા
સમસ્ત સ્વ.નાનુભાઈ મોરારજી વાંઝવાલા પરિવાર (વાંઝ)
સમસ્ત રાણા પરિવાર (રામનગર)
સમસ્ત કંથારિયા પરિવાર (મોરાભાગળ, રાંદેર)
ધ્વનિ, સોનલ, જેસલ, પ્રિયલ, બ્રિંદા, જલ, નિર્વાણ
સ્વ. નિર્મળાબેન ગણપતભાઈ વાંઝવાલા
સ્વ. તા. ૦૯-૦૪-૨૦૨૪
૧૫, સૂર્યા રો હાઉસ, પ્રગતિ નગરની સામે, પીપલોદ, સુરત

પમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



નાના મોટા સૌને શીતળ છાયા આપી ગયા,
સદ્‌ગુણ સુવાસ ફેલાવતા ગયા,
સદાય કાંટા વિણીને રસ્તે અમારે ફુલો મુકતા ગયા,
લોકોના હૃદયમાં જીવીત રહેવું એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિ રૂપે કાયમી જીવંત છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
સ્વ.રમણલાલ મગનલાલ દેસાઈ
વર્ષા રાજેન્દ્ર દેસાઈ (પુત્રવધુ) રાજેન્દ્ર રમણલાલ દેસાઈ (પુત્ર)
ફાલ્ગુની ધરેશ દેસાઈ (પૌત્રવધુ) ધરેશ રાજેન્દ્ર દેસાઈ (પૌત્ર)
પ્રિત રાજેન્દ્ર દેસાઈ (પૌત્ર)
વિરાજ-વિહાન ધરેશ દેસાઈ
સ્વ.મધુલતા રમણલાલ દેસાઈ
જ.તા.૧૯/૧૨/૧૯૩૧
સ્વ.તા.૦૯/૦૪/૨૦૨૧
નિવાસ સ્થાન : 'કર્મશીલ્પ', રીલાયન્સ ટાઉનશીપની સામે, પીપલોદ, સુરત-૭ મો. : ૯૮૨૫૧૩૨૪૦૨

શ્રી સુરત દશાલાડ વણિક અવસાન - પ્રાર્થનાસભા



સ્વ.શ્રીમતિ મીનાક્ષીબેન અનિલભાઈ શાહ (સ્વ.તા. ૦૭/૦૪/૨૦૨૬)
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પ્રિય સ્વ. મીનાક્ષીબેન અનિલભાઈ શાહ નું તા.૦૭/૦૪/૨૦૨૬ મંગળવાર નાં રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતની આત્માનું કલ્યાણ થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થનાસભાઃ તા.૦૯/૦૪/૨૦૨૬ ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.
સ્થળઃ જીવન વિકાસ ટ્રસ્ટ, ગુજરાત ગેસ કંપની પાસે, અડાજણ, સુરત.
લિ. અનિલ જશવંતલાલ શાહ (પતિ)
સ્વ. ભરત જશવંતલાલ શાહ ગં.સ્વ. અજીતા ભરત શાહ
સ્નેહલ અનિલ શાહ ગાર્ગી સ્નેહલ શાહ
અભિનવ સ્નેહલ શાહ અર્ચા અભિનવ શાહ
શુભાંગ સ્નેહલ શાહ વારિન ભુમિ શુભાંગ શાહ
તથા
સમસ્ત શાહ પરિવાર
મોબાઈલ- ૯૮૨૫૧૪૩૪૧૪